દ્વારકા, લાંબા, ગઢકા, જામનગરના ચાંદીપુરાના શંકાસ્પદ દર્દીઓના મૃત્યુ બાદ

ધ્રોલના ડાંગરા ગામના બાળકનું શંકાસ્પદ ચાંદીપુરાથી મોત : કુલ મૃત્યુઆંક પાંચ

ધ્રોલ-કાલાવડના બે બાળ દર્દીઓ શંકાસ્પદ કેસ તરીકે હોસ્પિટલમાં દાખલ

। જામનગર ।

જામનગરની જી. જી. હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ કેસના દર્દી તરીકે સારવાર લઈ રહેલા ધ્રોલ તાલુકાના ડાંગરા ગામના છ વર્ષના બાળકનું આજે મૃત્યુ થયા સાથે ચાંદીપુરાના શંકાસ્પદ બાળ દર્દીઓનો મૃત્યુ આંક પાંચ થયો છે. આ ઉપરાંત આજે જામનગર જિલ્લાના કાલાવડ અને ધ્રોલના બે બાળ દર્દીઓ ચાંદીપુરાના લક્ષણો સાથે દાખલ થતાં ડોક્ટરોને તેના સેમ્પલો લેબમાં મોકલ્યા છે. હાલ હોસ્પિટલના બાળ રોગ વિભાગમાં પોરબંદરના એક સહિત ૪ બાળ દર્દીઓ સારવાર હેઠળ છે.

ધ્રોલ તાલુકાના ડાંગરા ગામના ૬ વર્ષને ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ દર્દી તરીકે દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તેનો ચાંદીપુરા રિપોર્ટ નેગેટીવ આવ્યો હતો. છતાં તેનું આજે તા.૭ ના રોજ સારવાર દરમિયાન મૃત્યુ થતાં. હોસ્પિટલમાં ચાંદીપુરાના શંકાસ્પદ કેસોનો મુતાંક ૫ થયો છે. જેમાં જામનગરના ઈંચડા રોડ પરના રાજપાર્કની એક બે વર્ષની બાળકી, દ્વારકા જિલ્લાના ૩ બાળકોના સમાવેશ થાય છે. આ ઉપરાંત આજે જી.જી.હોસ્પિટલના બાળકોના વિભાગમાં કાલાવડ અને ધ્રોલના ગ્રામ્ય વિસ્તારના બે બાળકોને ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ દર્દી તરીકે સખત તાવ અને ઝાડા જેવા લક્ષણો સાથે દાખલ કરવામાં આવ્યા છે. જેની સારવાર ચાલુ છે. આ ઉપરાંત હોસ્પિટલમાં અગાઉથી દાખલ પોરબંદર અને જામનગર તાલુકાના આખરા ગામના બે બાળ દર્દીઓ પણ સારવાર હેઠળ છે.

ન્યૂઝ ફોકસ

ધૂત ટ્રાન્સમિશન લિમિટેડનો આઈપીઓ સોમવાર, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે

અમદાવાદ : ધૂત ટ્રાન્સમિશન લિમિટેડ તેના ૩.૨૦ કેસ વેલ્યુ ધરાવતા ઇક્વિટી શેરોનો આઈપીઓ સોમવાર, ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખોલવાનો પ્રસ્તાવ મૂકે છે. એન્કર ઇન્વેસ્ટર્સ માટે બિડીંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના અગાઉના કામકાજના દિવસ એટલે કે શુક્રવાર, ૭ ઓગસ્ટ, ૨૦૨૬ રહેશે. જ્યારે બિડ/ઓફર બંધ થવાની તારીખ બુધવાર, ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ રહેશે. આ ઓફર માટે ૩.૨૦ કેસ વેલ્યુ ધરાવતા દરેક ઇક્વિટી શેરનો પ્રાઇસ બેન્ડ ૩.૮૮ લી ૩.૮૭ નક્કી કરવામાં આવ્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા ૧૦ ઇક્વિટી શેર માટે અને ત્યારબાદ ૧૭ શેરના ગુણાકારમાં બિડ કરી શકશે. ફ્રાઇસ પ્રાઇસ અને કેપ પ્રાઇસ અનુક્રમે ઇક્વિટી શેરની ફેસ વેલ્યુના ૩૧૪.૫૦ ગણી અને ૩૩૫.૫૦ ગણી છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે કંપનીની ડાઇલ્યુટેડ ઇપીએસના આધારે પ્રાઇસ ટુ અર્નિંગ્સ રેશિયો પ્રાઇસ બેન્ડના નીચલા સ્તરે (એટલે કે ફ્લોર પ્રાઇસ) ૩૩.૯૮ ગણો અને ઉપરના સ્તરે (એટલે કે કેપ પ્રાઇસ) ૩૫.૭૦ ગણો છે. જ્યારે સમાન ઉદ્યોગની અન્ય કંપનીઓનો સરેરાશ પી/ઈ રેશિયો ૫૫.૩૧ ગણો છે.

વાહન અથડાયા બાદ થયેલી માથાકૂટના સ્થળે પહોંચેલા પોલીસ સ્ટાફ સાથે ડખ્ખો

જામનગરમાં જનરક્ષક ટીમ સાથે જીભાજોડી, કોન્સ્ટેબલને ફડાકો ઝીંકયો: ૨ સામે ફરિયાદ

બે શખસોએ તને જોઈ લઈશ કહીને ધમકી આપ્યા બાદ ફરજમાં રુકાવટનો ગુનો નોંધાયો

। જામનગર ।

જામનગરના કાલાવડ નાકા બહાર બુરહાની પાર્કમાં બાઈક અથવાડા બાબતે યુવાન પર હુમલો કરાયા બાદ ૧૧૨ જનરક્ષકની ટીમ બનાવ સ્થળે પહોંચતા બેકામ બનેલા શખ્શોએ ટીમના પોલીસ કોન્સ્ટેબલ સાથે જીભાજોડી કરી ફડાકો ઝીંકી સરકારી ફરજમાં રૂકાવટની ચકચારી ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ૧૧૨ જનરક્ષકના પોલીસ કોન્સ્ટેબલ નીલેશ ગોવિંદભાઈ ખેંપેરા તા. ૬ ઓગષ્ટની રાત્રે ફરજ પર હતા આ દરમિયાન બુરહાન મોઈસભાઈ મેટ્રનવાલાનો માથાકૂટ મામલે ફોન આવતા તેઓ કાલાવડ નાકા બહાર બુરહાની પાર્ક પાસે પહોંચ્યા હતા. જ્યાં બુરહાને જણાવ્યું હતું કે સોબાન ફારૂકભાઈ મકવાએ તેમનું વાહન અથડાવી બોલાચાલી કરી પછી તેના મામા મુસ્તુફા મોહમદ વજુગરાએ હુમલો કરી મોઈસભાઈ પાસે ખર્ચની માંગ સાથે મારી નાખવાની ધમકી આપી હતી.આથી પોલીસે મુસ્તુફાને બોલાવવાનું કહેતા મુસ્તુફા મોહમદ વજુગરા અને હાજીભાઈ મોહમદ વજુગરા આવ્યા અને પોલીસે મુસ્તુફાને જનરક્ષક વાહનમાં બેસવાનું કહેતા હાજીએ વચ્ચે પડી પોલીસ કોન્સ્ટેબલનું નામ તથા બકલ નંબર પૂછી મોબાઈલમાં વીડિયો ઉતારવાનો શરૂ કર્યો હતો અને બંનેએ પોલીસ સ્ટાફ સાથે ગાળાગાળી કરી અવરોધ ઉભો કર્યો હતો. એટલું જ નહીં મુસ્તુફાએ ઉશ્કેરાઈ જઈને પોલીસ કોન્સ્ટેબલ નીલેશને ઝાપટ ઝીંકી લઈ તને જોઈ લઈશ તેવું કહી ધમકી આપી હતી. જેને લઈને કોન્સ્ટેબલ નીલેશની ફરિયાદના આધારે મુસ્તુફા મોહમદ વજુગરા અને હાજી મોહમદ વજુગરા (બલ્લાફા પાર્ક) સામે ફરજમાં રૂકાવટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો છે.



ઘોળકા રૂરલ પોલીસે જુગાર રમતા છલે ઝડપી પાડ્યા

ઘોળકા : આંબલીયારા ગામે ઈન્દીરા આવાસ વિસ્તારમાં જુગાર રમતો હોવાની મળેલી બાતમીના આધારે રેડ પાડવામાં આવી હતી. જેમાં સ્થળ પરથી જુગાર રમતા અતુલભાઈ કાંતિભાઈ પરમાર, સ્થળ ઉપરથી કુલ રૂ. ૧૧,૨૦૦ની રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

વાંકાનેરના ગુંદાખડા ગામે રેતીના પ્લાન્ટમાં બનેલી કરૂણ ઘટના

વીજ તારને માથું અડી જતાં કરંટ લાગવાથી રાજકોટના યુવકનું મોત

રેતી લેવલ કરતી વખતે બનેલો બનાવ

। વાંકાનેર ।

વાંકાનેર તાલુકાના ગુંદાખડા ગામે આવેલા રેતીના પ્લાન્ટમાં એક અત્યંત કરૂણ અકસ્માત સર્જાયો છે. જેમાં ટ્રક ઉપર ચડીને રેતી સરખી (લેવલ) કરી રહેલા રાજકોટના યુવકને ઉપરથી પસાર થતી વીજ લાઈન અડી જતાં વીજશોક લાગવાથી તેનું નીપજ્યું છે. બાબતે પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ ખાતે રહેતા અમિતભાઈ રણજીતભાઈ રૂદાતલા (ઉંવ. ૨૮) નામનો યુવક વાંકાનેરના ગુંદાખડા ગામે આવેલ રેતીના પ્લાન્ટમાં ટ્રકમાં રેતી ભર્યા બાદ ટ્રક ઉપર ચડીને રેતીને લેવલ કરી રહ્યો હોય દરમિયાન અચાનક ઉપરથી પસાર થતી વીજ લાઈન સાથે યુવકનું માથું અડી જતાં જોરદાર વીજ આંચકો લાગતાં યુવકનું કરૂણ મોત નીપજ્યું હતું, જેથી આ બનાવની વાંકાનેર તાલુકા પોલીસે અકસ્માત મૃત્યુ નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરીછે.

ADMISSION OPEN
A.N.M.
G.N.M.
B.Sc.(N)
ARYAVEER COLLEGE
Kuvadava-Sardhar Road, Kuvadava, Rajkot
83429 83439
82001 58134

સંદેશ
APPOINTMENT advantage
Job Openings
દર મંગળવાર, ગુરુવાર અને શનિવાર

SRK INSTITUTE OF MANAGEMENT & COMPUTER EDUCATION
Affiliated to Gujarat Technological University
Inviting Applications for MBA Program

Post	Number	Qualification
Professor	01	As per AICTE/GTU Norms
Associate Professor	02	As perAICTE/GTU Norms
Assistant Professor	06	As perAICTE/GTU Norms

- Qualification and Pay Scale as per AICTE & GTU Norms.
- Send your application & detailed C.V. with 2 passport-sized photos and all the documents at the below mentioned address, via post or email.
- Apply within 13 days from the date of issue of this advertisement.

Campus Address: - Survey No. 128/2, Anjar – Bhuj Highway, Near Sapeda,Anjar – Kachchh. Email: info@srkinstitute.com / Mo: 9825199958

URGENT REQUIRES
For leading investment casting foundry requires below personnel
- Marketing Manager Post : 01
  Education : BE / Mech. or MBA in Marketing with Engineering Industry Knowledge • Exp. Mini. 6 Yrs. Experience with Fluent in English and Hindi
- Store Incharge Post : 01
  Education : 12th Pass • Exp. Mini. 1 Yrs. Experience in Store (Computer knowledge necessary)
- Admin Executive Post : 01
  Education : B.Com., BBA • Exp. Mini. 1 Yrs. of Experience in All Documentation & Sound knowledge of Microsoft Office & Erp Software
- QC Engineer Post : 01
  Education : Diploma / B.E. Mechanical • Exp. Mini. 2 to Yrs. Experience in Quality check of Investment Casting Machining & Other activities

Location at Shapar-Veraval (Rajkot-Gujarat)
Send Your Resume to : info@alltechcastings.com
No bar for right candidate www.alltechcastings.com

MADHAV UNIVERSITY
(Established by the Rajasthan State Govt. Legislature Act No. 07 of 2014)
ACCREDITED WITH 'A' GRADE BY NAAC
ADMISSION OPEN 2026-27
Admission for UGC & State Govt. Norms.
YOGA & NATUROPATHY • BNYS • PGDYN • DNYS • CCYN
LIBRARY • D.LIB. • B. LIB • M. LIB
COMMERCE & MANAGEMENT • B.Com. • M.Com. • BBA • MBA
PHARMACY • D. Pharm • B. Pharm • M. Pharm (Pharmacist)
CLINICAL PSYCHOLOGY (RCI) • B.Sc. Clinical Psychology * • MA Clinical Psychology • PDCP Clinical Psychology * • PGDRP
ALLIED AND HEALTHCARE • B.MLS (Bachelor of Medical Laboratory Science) • B.MRIT (Bachelor of Medical Radiology and Imaging Technology) • B.AOTT (Bachelor of Anesthesia and Operation Theatre Technology) • M.MLS (Master of Medical Laboratory Science) • M.AOTT (Master of Anesthesia and Operation Theatre Technology) • M.MRIT (Master of Medical Radiology and Imaging Technology) • BPT (Bachelor of Physiotherapy) • MPT (Master of Physiotherapy) (Musculoskeletal Science, Sports Science, Neurology Science, Cardio-Pulmonary Science)
COMPUTER SC. & APPLICATIONS • DCA • BCA • PGDCA • MCA • B.Sc.(IT) • M.Sc.(IT)
ADVANCE ENGINEERING • B.Tech. AI/ML • B.Tech. AI/Data Science • BCA AI/ML • BCA AI/Data Science • BCA Cyber Security • MCA AI/ML • MCA AI/Data Science • B.Sc. IT AI/ML • B.Sc. IT AI/Data Science • M.Sc. IT AI/ML • M.Sc.ITAI/Data Science
I.T.I. • Diesel • Fitter • Electrician • Wiremen
PHYSICAL EDUCATION • D.P.Ed • B.P. Ed. • M.P. Ed. • PGDSM
Ph.D All Above Courses
ગુજરાતી જમવાનું
વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે અલગ હોસ્ટેલની સુવિધા
AC / NON-AC ROOMS AVAILABLE
UNIVERSITY CONTACTS 8875028991, 92, 93, 94,95,96
WEBSITE: www.madhavuniversity.edu.in
EMAIL: admission@madhavuniversity.edu.in
N.H.27, P.O. Bharja, Abu Road, Distt. - Sirohi (Raj.) - 307032

બેંક ઑફ ઇંડિયા
Bank of India BOI
Relationship beyond Banking
બેંક ઓફ ઈન્ડિયા
અમદાવાદ ઝોનલ કાર્યાલય, રીકવરી ડીપાર્ટમેન્ટ,
છઠ્ઠો માળ, બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ભદ્ર, અમદાવાદ. ફોન : ૦૭૯ - ૬૬૧૨૨૫૨૮, ૬૬૧૨૨૫૩૦
ઈ-હરાજી થી મિલકતોની વેચાણ નોટીસ
જંગમ / સ્થાવર મિલકતોના વેચાણ માટેની નોટીસ
ઈ-હરાજીની તારીખ અને સમય : ૦૯.૦૯.૨૦૨૬, સવારે ૧૧ :૦૦ થી ૬:૦૦ વાગ્યા સુધી બીડ બંધ થવાના ૧૦ મીનીટ પહેલા કોઈ પ્રસ્તાવ આવે તો સમય આપોઆપ વધારાના કલોઝ સાથે નીચે જણાવેલ તમામ મિલકત માટે
સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ સાથે વંચાણે લેતા સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ની જોગવાઈઓ રૂલ ૮(૬) સ્થાવર, રૂલ ૬(૨) મિલકતો માટે ની ઈ-હરાજી થી વેચાણની નોટીસ
આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને વિશેષરૂપથી ઉધારકર્તા(ઓ) અને જામીનકર્તા(ઓ) ને જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ (સ્થાવી અને અસ્થાવી મિલકતો) જે બેંક ઓફ ઈન્ડિયા (સિકયોર્ડ કેડીટર્સ) માં મોર્ગેજ / હાઈપોથીકેટેડ / ચાર્જડ / ગીરવે મુકેલ છે, જેનો પ્રત્યક્ષ/સાંકેતીક કબ્જો બેંક ઓફ ઈન્ડિયાના (સિકયોર્ડ કેડીટર) અધિકૃત અધિકારી દ્વારા લઈ લીધેલ છે. જેનું "જ્યાં છે.", "જેમ છે" અને "જે શેરે છે"ની પરિસ્થિતીમાં તા. ૦૯.૦૯.૨૦૨૬ ના રોજ હરાજી કરવામાં આવશે.
જંગમ / સ્થાવર મિલકતોનો બોજા જાણમાં નથી

૧ મેસર્સ સત્યમ સોલ્ટ ફ્રેડર્સ (ભાગીદારો: શ્રી યોગેશકુમાર વી. ભટ્ટ અને શ્રીમતી ધ્રુતિ યોગેશકુમાર ભટ્ટ), શ્રી યોગેશકુમાર વી. ભટ્ટ (મેસર્સ સત્યમ સોલ્ટ ફ્રેડર્સના ભાગીદાર), શ્રીમતી ધ્રુતી યોગેશકુમાર ભટ્ટ (મેસર્સ સત્યમ સોલ્ટ ફ્રેડર્સના ભાગીદાર) નોટીસમાં જણાવેલ રકમ રૂા. ૧,૧૧,૯૦,૯૯૯.૦૦/- અને વધારાનું વ્યાજ તેના ઉપરનું, ક્રોસ ખર્ચે. અધિકૃત અધિકારી - શ્રી પ્રફલાદ પંડિત એસેટ રિકવરી શાખા, અમદાવાદ. મોબા. ૮૮૩૫૩૦૬૬૬૨	સોલ્ટ સ્ટોક (ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નં. ૬૯ ખાતે આવેલ, ઠળવાદ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ધ્રાંગધ્રા, ઠળવાદ, (ડિસ્ટ્રીક્ટ સોરબી, ગુજરાત - ૩૬૩૩૩૦). (સ્થા મિલકત પ્રત્યક્ષ કબજા હેઠળ છે.) વેચાણની ઇનકી રકમ જમા કરવા માટે : RTGS / NEFT / ફંડ ટ્રાન્સફર કેડીટ દ્વારા ખાતા નં. A/c : No. 205490200000033, બેંક ઓફ ઇન્ડિયા, અમદાવાદ. IFSC Code : BKID0002054	રૂા. ૧૩,૫૯,૦૦૦/-	રૂા. ૧,૩૫,૦૦૦/-

ઉપરોકત જણાવેલ મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય : ક.નં. ૧ માટે તા. ૨૭.૦૮.૨૦૨૬ ના બપોરે ૧૨.૦૦ થી 3.00 કલાકે

નિયમો અને શરતો :- (૧) ઈ-હરાજી પીબેસ્ટની એલાઈન્સ દ્વારા બેલ્ગસાઈટ https://baanknet.com/ દ્વારા હાથ ધરવામાં આવે છે. (૨) હરાજીમાં ભાગ લેવા માટે બિડરોએ પોતાનું નામ, સરનામું સહિત ઝાઝી અને સંપૂર્ણ માહિતી પૂરી પાડીને બેલ્ગસાઈટ પર પોતાની નોંધણી કરાવવાની રહેશે. કોપર્ડ વિગતે અને અન્ય જરૂરી દસ્તાવેજો. (૩) બિડર પાસે માન્ય પાન કાર્ડ અને આધાર કાર્ડ હોવું હરાજીવાલ છે. (૪) સફળ હરાજીદાર બિડરે દરેક મિલકત માટે ઉલેખિત અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇએમડી) જમા કરવામાની રહેશે. અસફળ બિડરોએ હરાજી બાદ ઇએમડી પરત કરવામાં આવશે. (૫) બિડર્સ મિનિમ્ટ હરાજી સમયગાળા દરમ્યાન મિલકત પર બિડ કરી શકે છે. (૬) હરાજીના સમાપન અને તીથી વધુ બોલી લગાવનાર સફળ બિડર હશે અને સીધી મોટું ટેન્ડર ભરનારને હરાજી દરમિયાન સફળ ખરીદનારે ગણી બેંક ઓફ ઈન્ડીયાના અધિકૃત અધિકારી પાસેથી મંજુરી મેળવી ઈલેક્ટ્રોનીક મોડ દ્વારા જાણ કરવામાં આવશે. સફળ ખરીદનારને ખરીદી કિંમતની રપ% ટકમ તે જ દિવસે અથવા પછીના કામકાજના દિવસે ઇએમડી સાથે ભરવાની રહેશે. જો આમ દર્શાવેલ સમય ગાળામાં ભરપાઈ કરવામાં નહી આવે તો બેંક ઇએમડી તથા જમા કરાયેલ ડીપોઝીટ સરભર કરવાની ઠરાવર રહેશે. પેમેન્ટ સુકવવામાં નિષ્ફળ થાય બીજા સીધી ઉંચી રકમનું ટેન્ડર આપનારને પુનઃ વેચાણ કરી નાખવામા આવશે. જે સંદર્ભ પહેલ ખરીદનારને કોઈ વાંધો, વિરોધ કરવાનો રહેશે નહી. ખરીદેલ મિલકત પર બીજા કોઈ પણ બાકી દોતાં ખરીદનારને સુકવવાના રહેશે. (૭) જો કોઈપણ કારણસર હરાજી ન થાય અથવા રાય, તો તેવા સમયે ઉદભવતા આકસ્મીક ખર્ચા જો બીડર/ખરીદનાર તેવા સમયે કોમ્પોઝીશનનો કે ડેફેરેના વરતણ માટેનો કલેમ ના કરે તો તે બીડરે ભોગવવાના રહેશે. (૮) ઇચ્છુક પાર્ટીઓએ / રસ ધરાવતા બિડરોએ વધારાની વિગત માટે અધિકૃત અધિકારી બેંક ઓફ ઈન્ડીયાનો સંપર્ક કરવો. (૯) બેંકના અધિકૃત અધિકારી દ્વારા વેચાણ હરાજી માટેની વેચાણેલી નિર્ણય કાર્યવાહ પ્રક્રાર્ય વગરની રહેશે. બેંકના અધિકૃત અધિકારી દ્વારા વેચાણ કેન્સલ કરવું અથવા કોઈપણ ફેરફાર કરવાનો હકક રહેશે. (૧૦) કુલ મિલકતની કિંમત સુકવ્યા પછી તેમજ વેચાણ માટેની બધી જ ફોર્માલીટી પૂર્ણ કર્યા બાદ, વેચાણ કાર્યવાહી પૂરી થયે સરફેસી કાયદા મુજબ ખરીદનારને વેચાણ સર્ટીફીકેટ આપવામાં આવશે. તથા ધુના અને ઠાલતા અગાઉના / ભવિષ્યના તમામ ટેક્સ, અને સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ચાર્જિસ તેમજ ખર્ચ સર્ટીફીકેટ ખર્ચ મેળવવાની સાથે ચુકવવાના રહેશે. (૧૧) સીકયુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ કાયદો ૨૦૦૨ ના કાયદા ૮(૬) / ૬(૨) / ૯(૧) મુજબ આ નોટીસ ઉધારકર્તા તેમજ જામીનકર્તાને પણ લાગુ પડે છે. (૧૨) ખરીદનારે હરાજીમાં તેમની મનગમતી જગ્યાએથી ભાગ લઈ શકશે. પરંતુ ઈન્ટરનેટ કનેકટીવીટી, નેટવર્ક પ્રોબ્લેમ સિસ્ટમ ફેલ ડાઉન, પાવર ફેઈલીયર વગેરે માટે બેંક જવાબદાર રહેશે નહીં. (૧૩) ઇચ્છુક બિડરોએ મિલકત પરના કોઈપણ દાવા, ચાર્જ અને બોજાના વાર્ય સિવાયના કોઈપણ ઓથોરિટીના બોજા અંગે સમજણપૂર્વક પુછપરછ કરવી જોઈએ અને તેમની બિડ લુપ્ત કરતા પહેલા મિલકતના શીર્ષક, દર, ગુણવત્તા અને જથ્થા વિશે પોતાને સંતુષ્ટ કરવા જોઈએ. (૧૪) જો ઉધાર લેનાર બોજાનો વેચાણની તારીખ અગાઉ સંપૂર્ણ ચુકવી કરે તો હરાજી સ્થગિત / રદ / મુલતવી રાખવા માટે જવાબદાર છે. (૧૫) ઉપરોકત હરાજી સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ કાયદા ૨૦૦૨ તેમજ ભારત સરકારની માહીતી તળે આયોજન કરવામાં આવેલ છે. (૧૬) સંતુલ્ત લોટની ઓફરને માન્યમીકતા આપવામાં આવશે. અને ફકત વાજબ અને મંજીનીકીના વેચાણની બીડ ત્યારે જ સ્વીકારવામાં આવશે જો જમીન અને મકાન માટે કોઈ બીડ નહીં આવી હોય તો. (૧૭) બીડની રકમ ઉપરાના હરાજી રકમ કરતા વધારે હોવી જોઈએ. ટેન્ડરમાં દર્શાવેલ રકમ રીજર્વ પ્રાઈસ કરતા ૧૦૦૦/-ના ગુણાંકથી વધારે દર્શાવવી. (૧૮) જે કોઈપણ લોટની અંતિમ બોલીની રકમ રૂા. ૫૦ લાખ, હરણી ખરીદનાર, બેંકને અંતિમ ચુકવણી કરતા સમયે, આવકવેરા કાયદાની કલમ ૧૯૪ ક્યાર્ગ મુજબ સ્થાવર મિલકતોની વેચાણ કિમ્મતમાંથી ૧% ટીડીએસ તરીકે કાપવી પડશે અને તેમ બેંકના નામે આવકવેરા વિભાગને બેંકલ્બી પડશે. સરકારનો પાન નંબર AAACB0472C ખરીદનાર અને વેચાણ લાયુ પડતા રજીસ્ટ્રી ઠેકડા, લોનની ચાર્જ, સ્ટેમ ડયુટી, બોમ્બી ટેક્સ, સોસાયટી ચાર્જ અને અન્ય તમામ રાગાન ચાર્જ બંનેને પણ ફાળ કરશે. (૧૯) અંગેજુનાંથી ગુજરાતીમાં અનુવાદ કરશે બન્ને ગુજરાતી ફ્રાંસ્ટલેનાં જો કોઈ વાતે જણાય તો અંગેજુ અનુવાદ ગ્રાન્ય રહેશે. (૨૦) ઈલેકટ્રીક ઈ હરાજીના દિવસે ઓનલાઈન બિડ સબમિટ કરતી વખતે સાવધાની રાખવાની સલાહ આપવામાં આવે છે. કોઈપણ સંજોગોમાં, એકવાર બિડ સબમિટ થઈ ગય પછી બિડર(સો) સબમિટ કરેલી રકમ માટે બંધાયેલા છે / છે અને કોઈપણ વિનતી / સંચારને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. (૨૧) ઈ રજીસ્ટ્રેશન (ગુજરાત સુધારો) અધિનિયમ, ૨૦૧૮ મુજબ વેચાણ પ્રમાણપત્ર વેચાણખતના બદલામાં નીંધાયેલું રહેશે. (૨૨) મિલકતનું નિરીક્ષણ માત્ર બંધ હેઠળ પ્રત્યક્ષ કબજામાં રહેલ મિલકત માટે જ ઉપલબ્ધ રહેશે. (૨૩) લાગુ પડતી ઇકમી રકમ ઉપરનો ગુખેલ્ટી વેરા સફળ ખરીદનાર દ્વારા વહન કરવામાં આવશે.

સરફેસી એક્ટ ૨૦૦૨ તથા તેની અંતર્ગત નિયમો હેઠળ ૩૦ દિવસની વેચાણ નોટીસ

ઉપરોકત જણાવ્યા મુજબના ઋણકર્તા / જામીનદાર કલમ ૧૩(૨) ની નોટીસમાં જણાવ્યા મુજબની રકમ હરાણની તારીખ પહેલ પૂરે પૂરી જમા કરાવી દેવી, જેમાં નિષ્ફળ થવાથી મિલકતની હરાણ /વેચાણ કરવામાં આવશે, અને પાછી કઈ પણ લેણુ રહેશે તો તે ઋણકર્તાઓ /ગેરંટર પાસેથી વ્યાજ સાથે વસુલ કરવામાં આવશે.
તારીખ : ૦૬.૦૮.૨૦૨૬, સ્થળ : અમદાવાદ સહી/- અધિકૃત અધિકારી, બેંક ઓફ ઇન્ડિયા

CMYK